ગમે તેટલો પ્રયત્ન કરો તો પણ શહેરની કચરાની સમસ્યા દૂર થતી નથી. શહેરના માર્ગોની આસપાસ જ ખૂબ કચરો જોવા મળે છે. ગ-૨ સર્કલની બાજુમાં રોડ ઉપર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. જે સ્વચ્છ ગાંધીનગરની છબીને ડાઘ લગાવી રહ્યા છે.

જિંદગીમાં ક્યારેય ટ્રેક ચુકવો નહિ : પારસ ગાંધી

લોકડાયરામાં ભાવ, ભજન, ભક્તિ અને સંસ્કૃતિનો અનોખો સમનવય : જલારામ બાપાના ભક્ત પારસ ગાંધીએ બાપાના પરચા અને લોકગીતો રજુ કરતા ભાવિકોની આંખો ભીંજાઈ

ગાંધીનગર, તા. ૨૨

"રામ નામ મે લિન હે
દેખત સબમે રામ
તકિ પદ વંદન કરૂ
જય જય જય જલારામ"

લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા સે. ૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે પારસ ગાંધીના

સ્વરમાં પૂ. જલારામ બાપાના પરચા સાથે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં જલારામ બાપાના પરમ ભક્ત પારસ ગાંધી દ્વારા જલારામ બાપાના પરચા સાથે ભાવ, ભજન, જીવનનુ મૂલ્ય, પ્રામાણિકતા, જુની સંસ્કૃતિ જેવી વાતોને વણી લીધી હતી. આ કાર્યક્રમમાં એક હજારથી વધુ રઘુવંશીઓએ ભાગ લીધો હતો.

આ લોકડાયરામાં કમીજલા ભાણાસાહેબની જગ્યાના મહંત પૂજ્ય જાનકીદાસ બાપુ ખાસ પધાર્યા હતા અને તેમણે આ અલબેલી નગરી ગાંધીનગરમાં બાપાના ભજન કિર્તનના ભાવો સાંભળવાના લાહવા પ્રત્યે રાજીપો વ્યક્ત કર્યો હતો.

જલારામ બાપાના પરમ ભક્ત પારસ ગાંધીએ બાપાના પરચા જણાવતા બાળપણની વાત કરતા કહ્યુ હતુ કે જલારામ બાપા એ સમયમાં સંત તરીકે ઘણા નાના હતા. એક દિવસ ભોજલરામ બાપા સાથે તેઓ સેવા કાર્યમાં જોડાયા અને ભોજલરામ બાપાથી કહેવાઈગયુ કે જલા તુ અહી ખાટ પર બેસી રે હું બોલાવુ પછી આવજે. જલારામ બાપા આખી રાત ઠંડીમાં એ ખાટ પર બેઠા રહ્યા જ્યારે ભોજલરામ બાપા જોવે છે ત્યારે પૂછ્યુ કે કેમ જલા તુ આટલી ઠંડીમાં હજી અહી બહાર બેઠો છે, જલાબાપાએ કહ્યુ બાપા તમે જ તો કહ્યુ હતુ તમે ન કહો કે ન બોલાવો ત્યા સુધી અહીં જ બેસુ. આ સાંભળી ભોજલરામના આંખમાં પાણી આવી ગયા અને જલારામને ભેટી પડ્યા. ત્યારે જલારામ બાપાએ કહ્યુ બાપા તમે મારા ગુરૂ છો તમારી આજ્ઞાને કેમ ટળાય જ્યારે હું દાન કરૂ છુ અને ભાટકાકાને એ વાતની શંકા જાય છે ત્યારે મારા દાનના ગોળના દાણા થાય છે અને ઘી ને બદલે પાણી થાય છે જો આટલુ સત હોય તો ગુરૂ વગર હું કેમ એક પણ ડગલુ ભરૂ ત્યારથી જલારામ બાપાના ગુરૂ ભોજલરામ કહેવાયા.

આ ઉપરાંત તેમણે જલારામ બાપાના જીવનચરિત્ર પરથી જણાવ્યુ હતુ કે, ક્યારેય કોઈનું મૂલ્ય ન અંકાય, જે દિવસે તમને સાચો ભરોસો લાગી જાય તે તે દિવસે તમારો બેડો પાર થઈ જાય, દરેક જગ્યાએ કિંમત ભાવની છે. મહેમાન ઘરે આવે અને ઘરમાં કાંઈ ન હોય તો પણ જો તેને પાણી અને મીઠું આપી આવકારી શકાતા હોય તો તે કરવું પણ તેમને તરછોડવા નહિ મહેમાનગતિ એ પણ એક લ્હાવો છે. તેમણે હું પણ કાઢવાની વાત કરતા ઉમેર્યુ હતુ કે જે દિવસે અંદરનો હું મોટો થાય તે તે દિવસે બહારના હું નુ પતન થાય. અભિતાભ બચ્ચન અને રતન ટાટાનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું હતું કે બંને એક જ ફ્લાઈટમાં બાજુ બાજુમાં બેઠા હોવા છતા એકબીજાને ઓળખતા ન હતા અને અમિતાભ બચ્ચને મનમા એમ કે હું આટલો બોલિવુડનો સીલીબ્રીટી અને મને આ ભાઈ કેમ ઓળખે નહિ અને ફ્લાઈટમાંથી ઉતર્યા તેમણે પોતાની ઓળખાણ આપી જણાવ્યુ કે હુ અમિતાભ બચ્ચન ત્યારે સામેવાળાએ કહ્યુ હાય નાઈસ ટુ મીટ યુ આઈ એમ રતન ટાટા આ વાત પરથી જણાય છે કે ક્યારેય હું પણ ન રાખવું.

ડાયરા વિશે પારસ ગાંધીએ કહ્યુ કે, ડાયરો જ એક એવુ માધ્યમ છે જ્યાં બાપ અને દીકરી ભેગા બેઠા હોયને તોય ઊંચુ મોઢું કરીને બેસી શકે. પ્રેમ વિશે જણાવતા તેમણે ઉમેર્યુ હતુ કે સાચો પ્રેમ ત્યાં સુધી નહી થાય જ્યાં સુધી પ્રેમ પ્રેમથી નહિ થાય અને વાત હોય કે પ્રેમ જો સાચા હૃદયથી થાય તે તો

સામેવાળાએ સાંભળવુ જ પડે.

જલારામબાપાના પત્નિ વિરબાઈ મા ના બલિદાનનુ ઉદાહરણ આપતા તેમણે કહ્યુ હતુ કે જલાબાપા દરરોજ ભૂખ્યા સાધુ સંતોને જમાડતા કે આંગણે આવનારને એમતેમ પાછા ન કાઢતા. એક દિવસ ઘરમાં અન્ન નહિ જલારામબાપા મુંઝાયા ત્યારે વિરબાઈ માએ પોતાના ઘરેણા ગેરવી મુકાવીને જલારામબાપાને અન્ન ખરીદવા પૈસા એકઠા કરી આપ્યા હતા. કહેવાય છે ને, "સ્ત્રી અને કિસ્મત અઘરી ખરી પણ સાથ આપે ને તો તમારો બેડો પાર કરી દે." આમ જલારામ બાપાના અનેક પરચા અને તેમના જીવંત અનેક સારી નરસી બાબતોમાંથી પારસ ગાંધીએ લોક ડાયરામાં વિવિધ ઉદાહરણ સાથે કરી હતી. આ ઉપરાંત લોકગાયક માનસિંહ ગોહીલ દ્વારા જલારામ બાપાના ભજનોના ગાન સાથે દરેકને ભાવ વિભોર કર્યા હતા.

આ કાર્યક્રમમાં કમીજલાથી પૂજ્ય જાનકીદાસ બાપુ, લોહાણા મહા પરિષદ પ્રમુખ પ્રવીણભાઈ કોટક, ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન પ્રમુખ વિનોદભાઈ સોમચંદ ઠક્કર, જલારામ સેવા સમાજ ગાંધીનગર પ્રમુખ સેવંતીલાલ ઠક્કર, જલારામ યુવા સંગઠન ગાંધીનગર પ્રમુખ ભરતભાઈ ઠક્કર, જલારામ મહિલા મંડળ ગાંધીનગર પ્રમુખ નીતાબેન ઘોગાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર પૂર્વ ગુડા ચેરમેન આશિષ દવે, પ્રદેશ ભાજપ યુવા મોરચો ઉપાધ્યક્ષ ધવલ દવે, ગોંડલ નગરપાલિકા પૂર્વ પ્રમુખ રીતાબેન ભોજાણી, વિરબાઈ મા ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ અરૂણ ઠક્કર ઉપરાંત સમાજના સભ્યો તથા હોદ્દેદારો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

નાંદોલ ખાતે હસમુખ મેકવાનનું નાટક "સમજો તો સારૂ" ભજવાયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના પ્રિશા આર્ટ ફાઉન્ડેશન દ્વારા જિલ્લાના નાયબ માહિતી નિયામક કચેરીના સહયોગથી તા. ૧૯મી ડિસેમ્બર

ગુરૂવારે રાત્રે ૮ કલાકે દહેગામ તાલુકાના નાંદોલ ગામે જાણીતા નાટ્યકાર હસમુખ મેકવાન દ્વારા નિર્મિત નાટક "સમજો તો સારૂ"ના મંચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટકમાં રાજય સરકારના વિવિધ જનજાગૃતિના મુદ્દાઓ જેવા કે વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ, બેટી બચાવો-બેટી પઢાવો, દહેજ પ્રથા-બાળલગ્ન નાબુદી વગેરેને આવરી લઈ જનજાગૃતિનો સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

નાંદોલ ગામે યોજાયેલા નાટક 'સમજો તો સારૂ'ના મંચન પ્રસંગે ગામના સરપંચ મધુબેન પટેલ, ઉપસરપંચ દિપકભાઈ દવે, તલાટી કમ મંત્રી વિનોદભાઈ ચૌધરી, તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય ભીખુભાઈ બિહોલા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. નાટકમાં સુચિત્રા દિક્ષિત, શ્રવણકુમાર પરમાર, અતુલભાઈ દવે, અજિતસિંહ પરમાર, ભીખાભાઈ પંચાલ તથા હસમુખ મેકવાને અભિનયના અજવાળાં પાથર્યા હતા. નાટકની સફળ પ્રસ્તુતિ માટે આર.કે. રાવલ, જનકબા પરમાર, રાજશ્રીબેન દવે, ઈન્દુબેન પંચાલ તથા યુથ હોસ્ટેલના વોર્ડન અને નેહરૂ યુવા કેન્દ્રના જિલ્લા યુવા સંયોજક રજનીકાંત સુથાર દ્વારા વિશેષ સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો

ગાંધીનગર શહેર ગોસ્વામી સમાજનો સ્નેહમિલન ૨૮મી ડિસેમ્બરે યોજાશે

ગાંધીનગર શહેર દશનામ ગોસ્વામી સમાજનો સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારંભ ૨૮મી ડિસેમ્બરના રોજ સે-૨૨ રંગમંચ ખાતે યોજાશે. આ સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ માટે જ્ઞાતિબંધુઓને તેમના તેજસ્વી બાળકોની માર્કશીટ તેમજ બઢતી, વયનિવૃત્તિની વિગતો ૧૦ ડિસેમ્બર સુધીમાં સમાજના હોદ્દેદારોને મોકલી આપવા જણાવાયું હતું તેમ છતાં જે જ્ઞાતિબંધુઓની વિગતો બાકી હોય તેમણે ૨૫મી ડિસેમ્બર સુધીમાં સમાજના હોદ્દેદારોને પહોંચાડવા મંત્રી રસિકભારથી ગોસ્વામીએ જણાવ્યું છે.

પાટીદાર સમાજના આસ્થા કેન્દ્ર ઊંઝા ઉમિયાનગર ખાતે યોજાયેલ લક્ષચંડી યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પરિવાર સાથે ભક્તિભાવપૂર્વક આરતીમાં જોડાયા હતા. આ પ્રસંગે ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ મણીભાઈ પટેલ અને લક્ષચંડી સમિતિના ચેરમેન બાબુભાઈ જમનાદાસ પટેલ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ જોડાયા હતા.

પ્રેરણાદાયી ઉદ્યોગસાહસિક ડૉ. નરેન્દ્રભાઈ રાવલ

આપણી આસપાસ 'રંકમાંથી અમીર' થયેલા લોકોનાં અનેક ઉદાહરણો હશે, પરંતુ નરેન્દ્ર રાવલની ઘટના ખૂબ જ પ્રેરણાદાયક છે. એવા સમયે કે જ્યારે માત્ર એક ટંકનુ ભોજન લકઝરી ગણાતુ હતું, એવી સ્થિતિમાંથી આફ્રિકાના સફલ ઉદ્યોગસાહસિક બનવાની વાત તેમના વિશે ઘણું બધુ કહી જાય છે. નરેન્દ્ર રાવલ ગુરૂના લોકપ્રિય નામથી જાણીતા છે. તે સ્વબળે ઘણા આગળ વધ્યા છે.

નરેન્દ્રભાઈનો જન્મ ગુજરાતમાં મોરબી નજીક આવેલા મથક ગામે પરંપરાગત રીતે સુખી ગુજરાતી પરિવારમાં થયો હતો, પણ કેટલીક ઓચિંતી ઘટનાઓને કારણે તેમના પરિવારને ખૂબ જ કપરા કાળમાંથી પસાર થવુ પડયું, એવો સમય પણ આવી ગયો કે નરેન્દ્રભાઈએ સ્કૂલમાં પગરખાં વગર જવુ પડ્યું હોય કે રાત્રે ભૂખ્યા પેટે ઊંઘવું પડ્યુ હોય તેવુ અનેક વાર બન્યુ હતું. આમ છતાં તેમણે સપનાં જોવામાં કોઈ કસર રાખી ન હતી. નરેન્દ્ર રાવલે ૧૪ વર્ષના થયાં ત્યાં સુધી સુરેન્દ્રનગરમાં અને ૧૭ વર્ષના થયાં ત્યાં સુધી ભૂજમાં અભ્યાસ કર્યો. નરેન્દ્રભાઈ એક મંદિરમાં સહાયક પૂજારી થવા માટે કેન્યા પહોંચ્યા. તેમણે ૩ વર્ષ સુધી મંદિરમાં સેવા આપી. પરંતુ થાક સમયમાં તે નોકરી વગરના થઈ ગયા. તેમને સ્ટીલનો વેપાર કરતી એક કંપનીમાં નોકરી મળી. પરંતિ કિસ્મતે તેમની સાતે મજાક કરવાનુ ચાલુ રાખ્યું હતું. એ સ્ટીલ કંપની બંધ થઈ ગઈ.

પરિસ્થિથી હારી નહી જવાનો સ્વભાવ ધરાવનાર નરેન્દ્રભાઈએ સ્ટીલ ટ્રેડીંગ કંપની શરૂ કરી અને એક દાયકા કરતાં પણ ઓછા સમયમાં તે કેન્યામમાં ખૂબ જાણીતુ નામ બની ગયા. થોડાક સમય પછી તેમણે સ્ટીલ રોલીંગ કરતી દેવકી સ્ટીલ મીલની સ્થાપના કરી. એ પછી તેમણે પાછાવળીને જોયુ નથી. તેમણે ટૂંક સમયમાં આફ્રીકામાં રૂફીંગ ફેકટરીઓ, સિમેન્ટ પ્લાન્ટ અને અન્ય બિઝનેસ ઉભા કર્યા.

હાલમાં દેવકી ગ્રુપ કે જે ૬૫૦ મિલિયન ડોલર(આશરે રૂ. ૪૫૫૦ કરોડ) નું ગણાય છે અને તેની ગણના આફ્રિકાનાં સૌથી મોટાં બિઝનેસ હાઉસમાં થાય છે. ફોર્બઝની આફ્રિકાની સૌથી વધુ ૫૦ ધનિકોની યાદીમાં તેમનો સમાવેશ થયો છે. તે ૪,૦૦૦થી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે. સમાજને કશુંક પરત આપવાની ભાવના સાથે નરેન્દ્ર રાવલ સખાવતી પ્રવૃત્તિમાં ધ્યાન આપતા રહે છે. તેમણે આફ્રીકામાં સંખ્યાબંધ અનાથ આશ્રમ શરૂ કર્યા છે અને વિવિધ સખાવતી પ્રવૃત્તિઓમાં સહાયરૂપ થઈ રહ્યા છે. તેમના યોગદાનની કદર કરીને કેન્યામાં જેની સરકારના સર્વોચ્ચ એવોર્ડઝમાં સમાવેશ થાય છે તેવો 'Elder of the Burning Spear'નો એવોર્ડ એનાયત કરાયો છે.

જનહિતના પ્રશ્નો ઉકેલવામાં અધિકારીઓ તત્પરતા દાખવી કામ કરે : કલેક્ટર

મોડાસા, તા. ૨૧

કલેક્ટર કચેરી ખાતે યોજયેલી ફરિયાદ અને સંકલનની બેઠક સરકારી કચેરીઓની કામગીરીની સમીક્ષા મોડાસા ખાતે ફરિયાદ અને સંકલનની બેઠક

કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરના અધ્યસક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. કલેક્ટરે અધિકારીઓને જનહિતના પ્રશ્નો ઉકલેવા તત્પરતા દાખવવા જણાવ્યું હતું. ફરિયાદ અને સંકલનની આજની બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના નિરાકરણ માટે કલેક્ટર દ્વારા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

અમૃતેશ ઔરંગાબાદકરએ જણાવ્યું હતું કે જિલ્લાના જે લોકો સરકારની યોજનાના લાભોથી વંચિત છે, એવા લાભાર્થીઓનો અધિકારીઓ સ્વયં સંપર્ક કરી તેને યોજનાકીય લાભો અપાવે તો જનકલ્યાણની ભાવના સાકાર થશે.

તેમણે ઉમેર્યું કે અરજદારો તેમને પડતી મુશ્કેલીના નિરાકરણ માટે સરકારી કચેરીમાં આવે છે અને એક અધિકારી તરીકે આપણા સૌની ફરજ બને છે કે તે સમસ્યાનું બનતી ત્વરાથી નિરાકરણ લાવવું. રાજ્ય સરકારે પણ લોકો પ્રશ્નોના ઉકેલ માટે વિવિધ વ્યવસ્થા વિકસાવી છે. ફરિયાદ અને સંકલનની બેઠક એ વ્યવસ્થાનો એક ભાગ છે.

આ બેઠકમાં વીજળી, પાણી, રસ્તા, બાંધકામ, સિંચાઈ, એસ.ટી.બસ વિભાગ, વન વિભાગના તથા દબાણ-ટ્રાફિક સહિત બાબતો જનપ્રતિનિધિઓ સાથે ચર્ચવામાં આવી હતી અને આ સમસ્યાના નિકાલ માટે જરૂરી સૂચના તથા માર્ગદર્શન કલેક્ટર દ્વારા આપવામાં આવ્યું હતું. સંકલનની બેઠકમાં રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લાના ત્રણે ધારાસભ્યો, જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલિયા, જિલ્લાા વન સંરક્ષક અધિક કલેક્ટર આર.જે. વલવી, આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી, પ્રાયોજના વહિવટદાર એસ.પી. મુનિયા, નાયબ પોલીસ અધિક્ષક, સંકલન અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અવસાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગઈકાલે જ ગંભીર રીતે અકસ્માતમાં ઘવાયેલા ચેતનભાઈ વેન્ટીલેટર પર હતા. તેમની સારવાર સુખડિયા સમાજના અગ્રણી તબીબ ડૉ. મેહુલભાઈની આગેવાનીમાં ચાલી રહી હતી. જો કે આજે સવારે ૮ વાગ્યાની આસપાસ તેણે અંતિમ સ્વાસ લીધા હતા.

ચેતનભાઈ અને કીર્તિભાઈની કાકા-ભત્રીજાની જોડીએ વેપારીઆલમમાં તેમના સાલસ સ્વભાવથી એક આગવી ઓળખ ઉભી કરી હતી. સદાય હસતા ચહેરે સૌને દુકાનમાં આવકારતા ચેતનભાઈ અને કીર્તિભાઈના માનમાં આજે સે. ૭ અને ૨૨ અને ૨૧ ના વેપારીઓએ સ્વયંભુ બંધ પાળી અને શોકાંજલિ અર્પી હતી. ગાંધીનગર શહેરના સ્વીટમાર્ટસ પણ આજે બંધ રહ્યા હતા. રાંધેજા ગામના આ યુવા વેપારીઓએ ગાંધીનગરના સ્વાદ રસિકો માટે અનેક નવા મીઠાઈઓના સ્વાદ પિરસ્યા હતા.

ટકાઉપણું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આંતર માળખાકીય સુવિધાઓના સુદૃઢીકરણ પર સરકાર વિશેષ ધ્યાન આપી રહી છે ત્યારે આ કામોનું ટકાઉપણુ પણ નિયત કરવુ જરૂરી હોવાનું પંચાયત વિભાગે સૈદ્ધાંતિક રીતે સ્વીકાર્યુ છે અને તેની મર્યાદા નિયત કરવા માટેની દિશામાં સક્રિય વિચારણા હાથ ધરી છે. જિલ્લામાં ગ્રામીણ પ્રજાને વિકાસનો સારો લાભ મળે તે પણ હેતુ હોવાનુ વિકાસ કમિશનર કચેરીના સૂત્રોનું માનવુ છે.

પક્ષીઓના મૃત્યુ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હોવાનુ પ્રાથમિક તારણ પણ મોરના મૃત્યુ બાદ ધ્યાને આવ્યુ છે. આ ઉપરાંત આ ફુડ પોઈઝનીંગની અસરથી ૩ ટીટોડી તેમજ એક હોલનુ પણ મોત નિપજયુ છે. આ ઘટના દરમિયાન કુલ ૧૩ પક્ષીઓના મોત નિપજયા છે. મૃતક મોરનુ સે-૩૦ ના દવાખાનામાં પી એમ કરી દેવાયા બાદ વનચેતના કેન્દ્રમાં અગ્નિદાહ આપવામાં આવશે.મોર રાષ્ટ્રીય પ્રાણી હોવાના લીધે ગેઝેટેડ ઓફિસરની હાજરીમાં આ વિધિ પુર્ણ કરવામાં આવશે.

વિક્રમી ખેતી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લામાં જે રીતે ઠંડીનો માહોલ જામી રહ્યો છે તે જોતાં ખેડૂતો આ વખતે રવિ સીઝન દરમ્યાન સરેરાશ ૭૮૦ હજાર હેક્ટરમાં થતા વાવેતર કરતાં વધુ વિસ્તારમાં વાવેતર કરે તેવી સંભાવનાઓ પણ વધી જવા પામી છે. જિલ્લામાં રવિ સીઝન માટે સાનુકૂળ હવામાન છે તેમજ ઠંડી પણ થોડીક મોડી શરૂ થઈ છે અને તે એપ્રિલ સુધી ચાલશે તેવા અંદાજો સાથે હાલ ખેડૂતોમાં ખુશીનો માહોલ વાવેતરને લઈ જોવા મળી રહ્યો છે.

ભ્રમિત કરાય છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સુવિધાઓના લાભ તમામ લોકોને અને તમામ જાતિના લોકોને આપવામાં આવ્યા છે. આવાસોની ફાળવણી હિન્દુ-મુસ્લિમ જોઈને કરવામાં આવી નથી. ઉજ્જવલાના લાભ પણ હિન્દુ-મુસ્લિમને જોઈને આપવામાં આવ્યા નથી. આયુષ્યમાન ભારતના લાભ પણ હિન્દુ-મુસ્લિમને જોઈને આપી રહ્યા નથી. હિંસા ઉપર ઉતરેલા અને પોલીસને નિર્દયરીતે માર મારનાર તોફાની તત્વોની મોદીએ જોરદાર ઝાટકણી કાઢી હતી. સાથે સાથે કોંગ્રેસ સહિતના પક્ષોએ શાંતિ સ્થાપિત થાય તેવા કોઈ પ્રયાસ ન કર્યા હોવાની પણ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, સીએએને કેટલાક લોકો ગરીબોની સામે ગણાવી રહ્યા છે. આ લોકોનું કહેવું છે કે, જે લોકો આવશે તે અહીંના ગરીબોના હક લઈ જશે. જુઠ્ઠાણા ફેલાવનાર લોકોને ગરીબો પર દયા કરવા કોંગ્રેસને સૂચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, દેશમાં હાલમાં બે પ્રકારના લોકો રહેલા છે. એક એવા લોકો છે જેમની રાજનીતિ દશકો સુધી વોટબેંક ઉપર કેન્દ્રિત હતી. બીજા એવા લોકો છે જેમને રાજનીતિના લાભ મળ્યા છે. જે લોકોને દેશના લોકોએ ફગાવી દીધા છે તે લોકો રાજનીતિ માટે ફરી હથિયારો લઈને મેદાનમાં આવી ગયા છે.

આગ ફેલાવનાર લોકો ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, સ્કુલ બસો, ટ્રેનો, બાઈક ઉપર, સાયકલો, નાની-નાની દુકાનોને ફુંકવામાં આવી છે. ઈમાનદાર કરદાતાઓના પૈસાથી બનેલી સરકારી સંપત્તિને નુકસાન કરવામાં આવ્યું છે. આ પ્રકારના લોકોના ઈરાદા હવે દેશના લોકો જાણી ચુક્યા છે. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી સીએએ પર જુઠ્ઠાણા ફેલાવીને મુસ્લિમોમાં ભય ફેલાવવાના પ્રયાસ કરી રહી છે. સબકા સાથ સબકા વિકાસ મંત્ર ઉપર અમે આગળ વધી રહ્યા છે. મોદીએ આ પ્રસંગે આભાર રેલીમાં સરકાર ઉપર વિશ્વાસ રાખીને આગળ વધવા દેશના લોકોને અપીલ કરી હતી. વિવિધ વિષયો ઉપર વાત કરી હતી.

શાંતિપૂર્ણ કુચ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે કહ્યું હતું કે, મોદીએ નવ રાજ્યોની વાત પણ સાંભળવી જોઈએ. બિહારના મુખ્યમંત્રી અને ઓરિસ્સાના મુખ્યમંત્રી પણ કહી ચુક્યા છે કે, એનઆરસીને અમલી કરવામાં આવશે નહીં. તમામ લોકો ગેરમાર્ગે દોરાયેલા છે. અશોક ગહેલોતના કહેવા મુજબ નાગરિક સુધારા કાનૂનને રાજસ્થાનમાં અમલી કરવામાં આવશે નહીં. ટીએમસીના પ્રતિનિધિ મંડળને આજે લખનૌ વિમાની મથકે રોકી દેવામાં આવ્યું હતું. બીજી બાજુ ભાજપ દ્વારા પણ હવે કાનૂનના સમર્થનમાં રેલીઓની શરૂઆત કરવામાં આવી ચુકી છે. રાજનીતિની રમત ચરમસીમા પર પહોંચી છે. ટીએમસીના પ્રતિનિધિઓ દ્વારા પણ દેખાવો થઈ રહ્યા છે. વડાપ્રધાને સ્પષ્ટ વાત કરી હોવા છતાં વિરોધ પ્રદર્શન આજે પણ જારી રહ્યા હતા.

મતગણતરી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભાજપને નુકસાન થવાની શક્યતા વધારે દેખાઈ રહી છે. કોંગ્રેસ-જેએમએમને કેટલી સીટો મળે છે તેના ઉપર નજર કેન્દ્રિત થઈ ગઈ છે. કોઈપણ એક્ઝિટ પોલમાં ભાજપને બહુમતિ મળી રહી નથી જેથી ઝારખંડમાં તેની સરકાર જવાના સંકેત દેખાઈ રહ્યા છે. અલબત્ત કોંગ્રેસ-જેએમએમની સ્થિતિ પ્રમાણમાં સારી દેખાઈ રહી છે. આ ગઠબંધનને બહુમતિ મળી શકે છે. કોંગ્રેસ-જેએમએમ અને આરજેડીના ગઠબંધનને બહુમતિ મળી રહી છે. કોંગ્રેસ, જેએમએમ અને આરજેડીને સાથે મળીને ૪૧ સીટો મળી શકે છે જ્યારે ભાજપને ૨૯ સીટો આપવામાં આવી રહી છે. આવી જ રીતે ઈન્ડિયા ટુડે એક્સિસના એક્ઝિટ પોલમાં ભાજપને ૩૪ ટકા મત મળી શકે છે જ્યારે કોંગ્રેસ-જેએમએમ અને આરજેડીને ૩૭ ટકા મત મળી શકે છે. ભાજપને ૨૨-૩૨ સીટો આપવામાં આવી રહી છે. ૮૧ સભ્યોની ઝારખંડ વિધાનસભામાં સરકાર બનાવવા માટે કોઈ પાર્ટી અથવા તો ગઠબંધનને ઓછામાં ઓછી ૪૧ સીટો જીતવાની જરૂર રહેશે. શાસક પક્ષ ભાજપ અને ઓલ ઝારખંડ સ્ટુડન્ટ યુનિયન ગઠબંધન સરકારની સામે સરકાર બચાવવાનો પડકાર છે. છેલ્લી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૩૭ અને તેના સાથી પાર્ટીએ ૫ સીટો જીતી હતી. ૨૦૧૪માં વિધાનસભા ચૂંટણીમાં કુલ ૮૧ સીટોમાંથી ભાજપે ૩૭ ઉપર જીત મેળવી હતી.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

અલ્પસંખ્યકો કરતા વધારે હોવા છતાં કોઈ એક ધર્મની તરફેણ ના કરતા ધર્મ નિરપેક્ષ રાષ્ટ્ર જાહેર કરવામાં આવ્યો છે. જયારે પાકિસ્તાનની સ્થાપના જ ધર્મના આધારે કરવામાં આવી હતી. ભારતમાં લોકશાહિ ટકી છે તેનો યશ સંપૂર્ણ રીતે ભારતના બંધારણને જાય છે. દરેકને સમાન હક્ક, સમાન ન્યાયની નીતિ રીતિથી સુસાશન ચલાવવામાં આવે છે. તેમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે નાગરિકો વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો નથી. ઉલટાનું અલ્પસંખ્યકોને બંધારણથી વિશેષ હક્ક, અધિકારો આપ્યા છે. જે બહુસંખ્યક વર્ગને મળતા નથી. તેનો વિરોધ આજ દિન સુધી બહુસંખ્યક લોકો દ્વારા કરવામાં આવ્યો નથી. વસુદૈવ કુટુમ્બકમ એ આનું સર્વોચ્ચ ઉદાહરણ છે. ભારતમાં દરેક કોમ, ધર્મ, જાતી ના લોકો લીંગભેદ ભાવ વગર શાંતિથી સુમેળથી ભાઈચારાથી રહી શકે છે તેમને સમાન અધિકારો કાયદા દ્વારા બક્ષવામાં આવ્યા છે. મૂળ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપતો કાયદો પસાર કરતા રાજકિય વિરોધના કારણે આજે દેશના અડધા ભાગમાં અરાજકતા, હિંસા, તોફાનોથી જનજીવન ખોરવાયું છે. જે રાષ્ટ્ર દ્રોહ સમાન છે. રાષ્ટ્રની મીલ્કતોને નુકશાન કરવું એ સરવાળે પગ ઉપર કોહાડો મારવા બરાબર છે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

ઉપદેશ કરતી હોવાનું અર્થઘટન કરનારાઓ ગીતાના મર્મને સમજ્યા જ નથી.

શ્રીકૃષ્ણની વિષ્ટિ નિષ્ફળ

કિશોરલાલ મશરૂવાળા "ગીતામંથન"માં આ વાતને સુપેરે અને વિસ્તારથી સમજાવે છેઃ "પાંડવો અને કૌરવો વચ્ચેના કલહનો ઘરમેળે સલાહસંપથી નિકાલ લાવવાનો સઘળો પ્રયત્ન નિષ્ફળ ગયો હતો.ધર્મરાજાને આ યુદ્ધ જરાય ઈષ્ટ લાગતું નહોતું....એક છેલ્લા પ્રયાસ તરીકે તે કૃષ્ણને પણ વિષ્ટિ કરવા મોકલી ચૂક્યા હતા.શ્રીકૃષ્ણનો બંને પક્ષ પર પ્રભાવ હતો.એમને નિષ્પક્ષપાતી ન્યાયી, બુદ્ધિમાન તરીકે બધા સ્વીકારતા હતા.જે વખતે શ્રીકૃષ્ણ વિષ્ટિ માટે ગયા તે વખતે સુલેહની એમને બહુ આશા રહી નહોતી. પણ એમનેય ધર્મરાજાની દ્રષ્ટિ માન્ય હતી. એમને પણ યુદ્ધમાં કંઈ શ્રેય દેખાતું નહોતું. દ્રૌપદીનું જે અપમાન થયું હતું તેથી એમને દુઃખ લાગ્યું હતું....શ્રીકૃષ્ણની વિષ્ટિ નિષ્ફળ ગઈ. હવે યુદ્ધ સિવાય કશો માર્ગ જ નથી એમ યુધિષ્ઠિરને પણ લાગ્યું."

કાયદો હાથમાં ના લેવાય

મહાત્મા ગાંધીના અંગત સચિવ રહેલા પ્યારેલાલે "પૂર્ણાહુતિ"ના ચોથા ખંડમાં હિંદુધર્મમાં આતતાયીઓને મારી નાંખવાની અપાયેલી છૂટ અને ગીતાના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ કૌરવોનો નાશ કરવાની સલાહ આપતા હોવા વિશેના પ્રશ્નનો ઉત્તર વાળતાં ગાંધીજીએ અદભુત વાત કરેલી છે. એ વાતને આજે પણ પ્રજા અને શાસકોએ ગૂંજે બાંધવા જેવી છે : "આતતાયી કોણ છે તેનો માણસે પ્રથમ અચૂક નિર્ણય કરવો જોઈએ.મારી નાંખવાનો સવાલ એ પછી જ ઉદભવી શકે. બીજા શબ્દોમાં કહું તો, માણસે પ્રથમ સંપૂર્ણપણે દોષરહિત બનવું જોઈએ, એ પછી જ તેને એવો અધિકાર લાધી શકે. એક પાપી બીજા પાપીનો